**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

G20 भारत 2023 INDIA

નં:એસજીજીયુ/વહીવટ/મપસ/૨૦૨૩/૪૫૫૯ તા.૧૫/૦૭/૨૦૨૩

પરિપત્ર-૩૧૦૮
**સંદર્ભ-યુનિવર્સિટીનો તા.૧૧/૦૫/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:૩૧૦૪.**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખા હેઠળની એમ.એડ. કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રવેશ ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર મુજબ એમ.એડ. અભ્યાસક્રમની બેઠકો માટે રૂબરૂ કાઉન્સેલિંગ કરવામાં આવેલ છે. જે કાઉન્સેલિંગના અંતે ખાલી રહેલ બેઠકો પર તા.૧૮/૦૭/૨૦૨૩ના સવારે ૧૧:૦૦ કલાકના રોજ ઓપન રાઉન્ડનું આયોજન કરવામાં આવેલ છે. ઓપન રાઉન્ડમાં ઉપરોક્ત કાઉન્સેલિંગમાં ઉપસ્થિત ન રહેલા તથા પ્રવેશથી વંચિત રહેલ તમામ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. ઓપન રાઉન્ડ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

નોંધ- તમામ ઉમેદવારોએ નીચે મુજબની બાબતોનું પાલન કરવાનું રહેશે.

(૧) ઉમેદવારે ઓપન રાઉન્ડમાં તમામ ઓરીજનલ માર્કશીટ તથા અન્ય જરૂરી ઓરીજનલ દસ્તાવેજો કાઉન્સેલિંગના દિવસે પોતાની સાથે લાવવાના રહેશે.

(૨) ઉમેદવારે એડહોક ફી. પેટે રૂ. ૧૫,૦૦૦/- કાઉન્સેલિંગના સમયે ભરવાના રહેશે. આ ફી માત્ર ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ મારફતે ચુકવવાની રહેશે. રોકડ કે અન્ય કોઈપણ માધ્યમથી ફી સ્વીકારવામાં આવશે નહિ.

(૩) ઉપરોક્ત એડહોક ફી રૂ. ૧૫,૦૦૦/- ભરી પ્રવેશ સુનિશ્ચિત કરનાર ઉમેદવાર જો સબંધિત કોલેજ ખાતે રીપોર્ટીંગ ન કરે અથવા પ્રવેશ રદ્દ કરાવે તો આ એડહોક ફી પરત મળવા પાત્ર રહેશે નહિ.

(૪) ઉપરોક્ત ફી ભર્યા બાદ ઉમેદવારે સબંધિત કોલેજ ખાતે દિન-૨માં રીપોર્ટીંગ કરી કોલેજની તફાવતની ફી ભરવાની રહેશે.

(૫) ઓપન રાઉન્ડના દિવસે ઉપસ્થિત ન રહેનાર, ફી ન ભરનાર, કે ફી ભરી સબંધિત કોલેજ ખાતે રીપોર્ટીંગ ન કરનાર ઉમેદવારનો પ્રવેશ પર કોઈ હક્ક દાવો રહેશે નહિ.

(૬) ઓપન રાઉન્ડ માટે દરેક ઉમેદવારોએ સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ એમ.એડ. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- એમ.એડ. અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

**નકલ રવાના-**

- બી.એડ./એમ.એડ. અભ્યાસક્રમ મધ્યસ્થ પ્રવેશ સમિતિ ૨૦૨૩-૨૪ તરફ જાણ અર્થે.